પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

**ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ઘરઘાટી/ ૫ /૨૦૨૨. તા. ૧૭/૦૧/૨૦૨૨.**

વંચાણે લીધા :-(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક-જી/૭૨૫/ ઝોન-૬/૧૨૧/૨૦૨૨ તા.૧૦/૦૧/૨૦૨૨ તથા.

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૭, અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક- જી/૭૨૫/ ઝોન-૭ /આરબી/૨૪૨/૨૦૨૨. તા.૧૨/૦૧/૨૦૨૨ આધારે.

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચોરી, લૂંટ, ખુન, જેવા અમુક ગંભીર ગુન્હાઓમાં ઘરઘાટી ની સંડોવણી થયેલ હોવાનું તપાસ દરમ્યાન જણાય આવેલ છે, તેમજ આગામી દિવસોમાં પ્રજાસત્તાકદિન,મહાશિવરાત્રી, હોળી-ધુળેટી વિગેરે જેવા રાષ્ટ્રીય તેમજ ધાર્મિક તહેવાર આવનાર હોય, શહેર વિસ્તારના નિવાસીઓ અંગત કામ અર્થે બહાર જતા હોય છે અને વયોવૃધ્ધ નાગરિકો મકાનમાં એકલા રહેતા હોય છે. તેમને ત્યાં ઘરકામ અર્થે રાખેલ ઘરઘાટીઓ પૈકી અમુક ગુનાહિત મનોવૃતિ ધરાવતા ઘરઘાટીઓ એકલતાનો લાભ ઉઠાવી નાણાંની અથવા અન્ય લાલચમાં આવી જઈ શરીર સબંધી તેમજ મિલકત સંબધી ગુનાઓ આચરી ફરાર થઈ જતા હોય છે, હાલના સંજોગોમાં આતંકવાદી પ્રવૃતિઓમાં સામેલ ઈસમો પણ આ રીતે રહે તેવી શકયતાને નકારી શકાય તેમ નથી.

મહદઅંશે ઘરઘાટીઓ અમદાવાદ શહેર વિસ્તાર બહારના હોય છે, અને તેઓ ગુન્હો કરીને જતા રહેતા હોય છે, તેઓ વિશેની કોઇ માહિતી મકાન માલિક કે પોલીસ પાસે હોતી નથી, પરીણામે તેઓને પકડવા ખુબ જ મુશ્કેલ ભર્યુ બને છે, જેથી ઘરઘાટી તરીકે નોકરી રાખતા વ્યક્તિઓ ઉપર થોડા નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

જેથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.-૧૯૭૩-૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઇ મકાન માલિક/મકાન ભાડુઆત જ્યારે કોઇ વ્યકિતને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સંબધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને તેવા કામ ઉપર રાખી શકશે નહિ અને માલિકે આ બાબતે નીચેના કોલમ મુજબની માહિતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સંબધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

૧. ઘરઘાટીનુ પુરૂ નામ.
૨. ઘરઘાટીનું અમદાવાદનુ સરનામું તથા તેની સાથેના માણસોની વિગત.
૩. જેના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા હોય તે માલિકનુ નામ-સરનામું ( બે-ત્રણ તમામ માલિકોના નામ સરનામાં તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો.
૪. બાંહેધરી અગર જેના મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનુ નામ સરનામું.
૫. અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલિકનુ નામ સરનામું.

૬. અમદાવાદમાં ઘરઘાટીના ઓળખીતાના નામ-સરનામાં તથા ટેલીફોન નંબર.

૭. ઘરઘાટીના વતનનુ સરનામું પો. સ્ટે. સહીત તથા વતનમાં રહેતા તેના ભાઇ, બહેન, માતા-પિતાના નામો.

૮. ઘરઘાટી પરણીત હોય તો સાસરીનુ નામ-સરનામું.

૯. ઘરઘાટીનુ ચહેરા નિશાન, ઉંમર વર્ષ, ઉંચાઇ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની).

આ હુકમ તા.૧૯/૦૧/૨૦૨૨ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૯/૦૩/૨૦૨૨ ના કલાક ૨૪/૦૦ સુધી ( બંન્ને દિવસો સહિત ) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:વિસ્તાર :-**

`અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-:શિક્ષા:-**

આ હુકમના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા **THE DISASTER MANAGAMENT ACT- 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ હેઠળ સજાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે THE EPIDEMIC DISEASES ACT-1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા **THE DISASTER MANAGAMENT ACT**- 2005 ની જોગવાઇઓ હેઠળ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના:**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય  સરકારી વકીલશ્રી, સેશન્સ કોર્ટ ભદ્ર,અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત   કરવા)

(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ